




## ધાનેરામાં ખેતરના રસ્તા મામલે ફાયરિંગ : ૧૮ વર્ષીય યુવકના પેટમાં ગોળી વાગી

ધાનેરામાં ખેતરના રસ્તા બાબતે ધીંગાણું ખેલાયું હતું જેમાં મળી સમાજના આધેડે બે રાઉન્ડ ફાયરિંગ કરતા લોકોમાં અફરા તફરી મચી ગઈ હતી. તો બીજી તરફ ગોળી ૧૮ વર્ષીય યુવકને પેટના ભાગે વાગતા ગંભીર હાલતમાં સારવાર રહે ખસેડાયો હતો.

ધાનેરા અગ્રવાલ હોસ્પિટલની પાછળના ભાગ આવેલા ખેતરના રસ્તા બાબતે માળી અને પટેલ સમાજના લોકો ધ્વરા ધીંગાણું ખેલાયું હતું જેમાં માળી સોમાભાઈ દેવાભાઈ ધ્વરા બંદૂક લાવી પટેલ હરેશભાઈ રમેશભાઈ અને રમેશભાઈ નારણભાઈ ઉપર બે રાઉન્ડ ફાયરિંગ કરતા હરેશભાઈના પેટના ભાગમાં એક ગોળી લાગતા ગંભીર ઈજા થવા પામી હતી જયારે ફાયરિંગનો અવાજ સાંભળી જતા આજુ બાજુથી લોકો દોડી આવ્યા હતા ગંભીર યુવકના પરિવારજનો પણ આવી જતા સામ સામે ધીંગાણું ખેલાયું હતું જેમાં ૩ લોકોને ગંભીર ઈજા થવા પામી હતી અને તમામ લોકોને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ હાલત ગંભીર જણાતા વધુ સારવાર અર્થે આગળ ખસેડવામાં આવ્યા છે તો બીજી તરફ સમગ્ર બાબતે ધાનેરા પોલીસને જાણ કરતા ધાનેરા પોલીસે તાપસનો ધમધમાટ શરુ કર્યો છે.

# અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં અસહ્ય ગરમીથી પ્રજાજનો ત્રાહિમામ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લામાં ગ્રીષ્મઋતુ ધીરે-ધીરે ઉત્તરાર્ધ તરફ પ્રયાણ કરી રહી હોઈ ગરમીનું પ્રમાણ અસહ્ય બની રહ્યું છે. જોકે ઉનાળુ ઋતુની વિદાય અને ચોમાસુ ઋતુના આગમનની ઘડીઓ ગણાઈ રહી છે તેમ છતાં વાતાવરણમાં ઉંચા ભેજના કારણે અસહ્ય ઉકળાટે રહીશોને ત્રસ્ત કર્યા હતા. વાદળોની ઘેરાબંધીના લીધે બફારો થતા પ્રજાજનો ઉકળાઈ ઉઠ્યા છે.

અધિક જેઠ માસની સમાપ્તિ સાથે જ આકાશમાં વાદળોની ઘેરાબંધી પછી સારા ચોમાસાની આશા જાગી છે. વાદળછાયા માહોલને લઈને ખેડૂતો આકાશ ભણી મીટ મોડીને મેઘરાજાની પ્રતીક્ષા સેવી રહ્યા છે. જોકો વર્ષાઋતુ સતત હાથતાળી આપી રહી હોઈ હાલમાં વરસાદના કોઈ એંધાણ વર્તાતા નથી. ત્યારે બીજી તરફ તાપમાનના વધઘટને લઈને ક્યારેક તીવ્ર ગરમી તો ક્યારેક અસહ્ય ઉકળાટથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. પવનની મંદગતિથી રોડ પર ધૂળની ડમરીઓ ઉડતા રાહદારીઓ અને વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

### સરકારી આરોગ્યલક્ષી સેવાઓ માટે

# અરવલ્લી જીલ્લામાં એક પણ હોસ્પિટલ ન હોવાથી નાગરિકો સેવાથી વંચિત

### મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય તથા માં-અમૃતમ વાત્સલ્ય યોજનામાં જીલ્લાની ખાનગી હોસ્પિટલનો સમાવેશ કરવા જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૧૭

ગુજરાત રાજય સરકારે આર્થિક રીતે નબળા તેમજ મધ્યમવર્ગીય કુટુંબના લાભાર્થી લોકોને આરોગ્યલક્ષી સેવાઓનો લાભ મળે અને મૃત્યુ આંક ઘટાડવા માટે મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય તથા માં-અમૃતમ વાત્સલ્ય યોજનાની મોટાપાયે જાહેરાત કરી મોટી મોટી વાતો વચ્ચે અરવલ્લી જીલ્લામાં આ યોજનમાં મોટા ભાગની હોસ્પિટાલીનો સમાવેશ ન થતા જરૂરિયાતમંદ ગરીબ દર્દીઓની હાલત કફોડી બની છે. નછૂટકે ગરીબોને મોંઘીદાટ સારવાર લેવાનો વારો આવતા જીલ્લાના જાગૃત નાગરિકો દ્વારા જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનને આવેદનપત્ર આપી જીલ્લાની મોડાસાની ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલનો સમાવેશ કરવાની સાથે જીલ્લાની અન્ય હોસ્પીટલોનો પણ સરકારી આરોગ્યલક્ષી યોજનમાં સમાવેશ કરવાની માંગ કરી હતી.



મોડાસા શહેરના જાગૃત નાગરિક અને કાર્યકર જયેન્દ્રભાઈ શંકરલાલ શેઠ તથા શહેરના અગ્રણીઓ દ્વારા જીલ્લા કલેક્ટર એમ. નાગરાજનાને આવેદનપત્ર આપી અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર સહીત અન્ય તાલુકા મથકની હોસ્પિટલોનો મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય તથા માં-અમૃતમ વાત્સલ્ય યોજનામાં જીલ્લાની ખાનગી હોસ્પિટલનો સમાવેશ કરવામાં આવે તેવી માંગ કરી હતી. જેથી અરવલ્લી જીલ્લાના જરૂરિયાતમંદ લોકોને સરકારી આરોગ્યલક્ષી સેવાઓનો લાભ મળી રહે જેથી લોકો ખાનગી હોસ્પિટલોમાં મોંઘીદાટ સારવાર લેવા મજબુર બનવું ના પડે તેવી ઉગ્ર માંગ કરી હતી.

# બનાસકાંઠાના ખેડૂતોના પ્રશ્નો માટે કિસાન ક્રાંતિ સંગઠન 'ચેતના યાત્રા' યોજાશે

### કિસાન ક્રાંતિ સંગઠનની રચના : પ્રમુખ તરીકે ઈશ્વરભાઈ દેસાઈની વરણી

ડીસા, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લો એક ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ છે ત્યારે ખેડૂત અને પશુપાલકોને યોગ્ય ન્યાય મળી રહે તેવા ઉદ્દેશ સાથે બનાસકાંઠા જિલ્લા કિસાન ક્રાંતિ સંગઠનની રચના કરવામાં આવી છે. સરકાર સામે ખેડૂતોના પ્રશ્નોને યોગ્ય રજૂઆત કરી ન્યાય મળે તે માટે ખેડૂતોના વિવિધ સંગઠનો કાર્ય કરી રહ્યા છે તેમ છતાં આવા સંગઠનો સરકારની સાથે રહી ખેડૂતોના પ્રશ્નોને કોઈ રજૂઆતો ન કરતાં ખેડૂતોને પીસાવાનો વારો આવ્યો છે. ત્યારે ખેડૂતોને યોગ્ય ન્યાય મળી રહે તે માટે ખેડૂતો દ્વારા એક નવુ સંગઠન બનાવવામાં આવતા આજરોજ ડીસા તાલુકાના વડાવલ ગામે કોલ્ડ સ્ટોરેજ પર સંમેલન રાખવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોના અનેક પ્રશ્નો રહેલા છે ઉપરાંત જિલ્લાના પશુપાલકોની અનેક સમસ્યાઓ રહેલી છે જેની ચર્ચા વિચારણા કરી રાજય સરકાર સમક્ષ આવા પ્રશ્નોની યોગ્ય રજૂઆત કરી ન્યાય મળી રહે તે માટે કિસાન ક્રાંતિ સંગઠનની રચના કરવામાં આવી છે. આજરોજ ૧૭-૬- ૨૦૧૮ના રવિવારના રોજ કિશાન ક્રાન્તિ સંગઠન બનાસકાંઠા જીલ્લા અને તાલુકાના ખેડૂત આગેવાનો, કાર્યકતાનુ સંમેલન યોજાયુ હતુ.



આ સંગઠનમાં આગામી સમયમાં તાલુકા તેમજ ગ્રામ્ય કક્ષા સુધીના સંગઠનની રચના કરવામાં આવશે. આ ઉપરાંત આગામી જુલાઈ માસમાં ચેતના યાત્રા કાઢવામાં આવશે જેમા સમગ્ર જિલ્લાના ખેડૂતોના પ્રશ્નો સાંભળવામાં આવશે અને તે માટે જાગૃત કરવામાં આવશે તેમ જિલ્લા સંગઠન મહામંત્રી રમેશભાઈ નાભાણીએ જણાવ્યું હતુ. આજનાં સંમેલનમાં કિશાન ક્રાંતિ સંગઠનની રચના થઈ હતી જેમાં જિલ્લા પ્રમુખ ઈશ્વરભાઈ કે. દેસાઈ વડાવલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લાની ટીમમાં પ્રમુખ તરીકે નરેશભાઈ ઠાકોર કાંકરેજ, ભૂપતસિંહ રાજપૂત વડગામ, કૃષ્ણભાઈ ચૌધરી ડીસા, રજાકભાઈ અરોડિયા દાંતા, મહામંત્રી તરીકે રમેશભાઈના નાભાણી પાલનપુર, જયારે કમિટીમાં ભેમાભાઈ ચૌધરી, કામરાજભાઈ પટેલ, રવિરાજ ગઢવી, સંજયભાઈ દેસાઈ, કિશોરસિંહ રાજપૂત, રજનીભાઈ પટેલ જ્યારે જિલ્લા કારોબારી સભ્યોમાં ઈશ્વરભાઈ દેસાઈ, છત્રાલા પાડમજી ઠાકોર, લાખણી ભારતીબેન ચૌધરી દિયોદર, નરેશભાઈ ચૌધરી વડગામ, દલપતસિંહ ચોહાણ પાલનપુર, અશોકભાઈ ચૌધરી લાગણી, મુકેશ ઠાકોર વાવ. સુરપાલસિંહ રાજપૂત અને જીવણજી સોલંકી લાખણીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.



## મોડાસા નગરપાલિકાના બગીચામાં સરદાર પટેલની મૂર્તિ ખંડિત થતા ભારે રોષ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલા નગરપાલિકા બગીચામાં લોખંડી પુરુષ અને મહામાનવ સરદાર પટેલની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. પ્રતિમા પ્રસ્થાપિત કર્યા બાદ નગરપાલિકા તંત્ર દ્વારા યોગ્ય જાળવણી કરવામાં ન આવતી હોવાની અનેક બૂમો અગાઉ પણ ઉઠી છે. ત્યારે સરદાર પટેલની પ્રતિમાનો પંજો અગમ્ય કારણોસર તૂટી જતા કે પછી અસામાજિક તત્વોએ તોડફોડના લીધે તૂટીને પ્રતિમા પાસે પડતા લોકોના ધ્યાને આવતા લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. પ્રતિમાનો તૂટેલ હાથનો પંજો તાત્કાલિક લગાવવામાં આવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.



## ધાનેરામાં ગાદલાંની દુકાનમાં આગ ભભૂકી : લાખોનો સામાન બળીને ખાખ

ધાનેરામાં ગાદલાની દુકાનમાં આગ ભભૂકતા અફરા તફરી મચી જવા પામી હતી ત્યારે ધાનેરા નગરપાલિકાના ફાયર ફાઈટરે આવી આગ પર કાબૂ મેળવયો હતો. ધાનેરા લીલાશહ સોસાયટી આગળ આવેલી ગાદલાની દુકાનમા આજે આગ ભભૂકતા લોકો ભયભીત બની ગયા હતા અને લોકો દ્વારા ધાનેરા નગરપાલિકાને જાણ કરતા ધાનેરા નગરપાલિકની ફાયર ફાઈટર આવી આગ પર કાબુ મેળવ્યો હતો તો બીજી તરફ એક ગરીબ વેપારીને આગમાં ૨.૫ લાખ કરતા પણ વધુનો સમાન બળીને ખાખ થઈ જતા મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.



## ડીસા નજીકથી દારૂ ભરેલી અલ્ટો કાર ઝડપતી એલસીબી પોલીસ

બનાસકાંઠાની એલસીબી પોલીસે પણ ગઈ રાત્રે ડીસા નજીકથી દારૂ ભરેલી અલ્ટો ગાડી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત રાજ્યના પોલીસ મહાનિરીક્ષકની સૂચના મુજબ બનાસકાંઠાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક બી.એ. ચાવડાએ જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ કરવા માટે કડક અમલવારી કરવા સૂચના કરતા એલસીબીના ઈન્ચાર્જ પી.આઈ. જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ પ્રોબેશન પીએસઆઈ એમ.આર. મોહનીઆ તેમની ટીમ સાથે ગઈ રાત્રે ડીસા રૂરલ પોલીસ મથકના કાર્યક્ષેત્રમાં પેટ્રોલીગમાં નીકળ્યા હતા. દરમ્યાન બાતમીના આધારે આખોલ ચાર રસ્તા પર નાકાબંધી કરી જીજે.૦૮.બીએચ.૧૮૫૪ નંબરની અલ્ટો ગાડીને આંતરી તલાશી લેવાઈ હતી.

## મજરા-તલોદ રોડ ઉપર કપચી ભરેલ ટ્રક પલ્ટી ખાઈ જતા એકને ઈજા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા-તલોદ રોડ ઉપર વહેલી સવારે કપચી ભરેલ ટ્રક પલ્ટી ખાઈ જતાં એકને ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. વહેલી સવારે અકસ્માત સર્જાતા મોટી જાનહાની ટળી હતી. પ્રાંતિજના મજરા-તલોદ રોડ ઉપર વહેલી સવારે કપચી ભરેલ ટ્રક નંબર- જીજે.૦૧. એસટી. ૨૧૦૫ના ચાલકે ફુલ ફાસ્ટ હંકારી લઈ જઈ સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવી દેતાં રોડની સાઈડમાં પલ્ટી ખાઈ જતાં ચાલકને ઈજાઓ પહોચી હતી.

# પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિરમાં જાયન્ટસ ગૃપ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

### ૪૦થી વધુ રક્ત દાંતાઓએ રક્તદાન કર્યું

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સ્વામિનારાયણ મંદિર ખાતે જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન વલ્ડ ચેરમેન નાના ચુડાસમાના જન્મ દિન નિમિત્તે રકતદાન કેમ્પનું આયોજન સ્વામિનારાયણ મંદિર ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં ૪૦થી પણ વધારે રક્તદાતાઓ દ્વારા રક્તદાન ક્યું હતું. આયુર્વેદિક કેમ્પ, હોમીયોપેથીક કેમ્પ, વૃક્ષારોપણ જેવા આયોજનો કરવામાં આવ્યાં હતા. આ પ્રસંગે તલોદ તાલુકામાંથી દેહદાનના બે ફોર્મ પણ ભરાયાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન ફેબેસનના પ્રમુખ વ્રજેશભાઈ ભાવસાર, મંથન બારૈયા, દિપ્તીબેન બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

### રબારી ઘાંઘોળ સમાજના આરાધ્ય કુળદેવી

# શ્રી લાખણેચી માતાજીના મંદિરનો ઝીર્ણોદ્ધાર, ૨૫મો પાટોત્સવ ઉજવાયો



ધનસુરા પાસે આવેલા પ્રસિદ્ધ લાખણેચી માતાજીના મંદિરે ઝીર્ણોદ્ધાર તેમજ ૨૫મો પાટોત્સવ યોજાયો. ધનસુરા તાલુકામા આવેલ પ્રસિદ્ધ લાખણેચી માતાજીના નવા મંદિરનો ઝીર્ણોદ્ધાર કરાયો. સાથે ૨૫મા પાટોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાથે ૧૨૫ પાટલાનો યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી રબારી ઘાંઘોળ સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ૩ લાખથી ૩.૫૦ લાખ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તા. ૧૬-૬-૨૦૧૮ અને ૧૭-૬-૨૦૧૮ના રોજ ચાલેલા આ કાર્યક્રમમાં લોક ડાયરો પણ યોજાયો હતો. સાથે મંદિરનું સોનાનું શિખર તથા સોનાનું સિંહાસન નિમિત્તે હેલિકોપ્ટરથી પુષ્પ વર્ષા પણ કરવામાં આવી હતી. બે દિવસના આ કાર્યક્રમમાં આવનાર ભકતો માટે પ્રસાદ તેમજ રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાથે નવચંડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું મંદિરના ટ્રસ્ટી ગણ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. લાખણેચી મંદિરના પ્રમુખ સાગરભાઈ (રૂપાલ), ટ્રસ્ટી મગનભાઈ, તથા છગનભાઈ, સાહરભાઈ કનોડા, કાનજીભાઈ સુરપુરા તથા ચકુભાઈ દવાડા તથા લાખણેચી મંદિરના ભુવાજી રણછોડભાઈ ગોતા તમામ લોકો અને સમસ્ત લાખણેચી પરિવારે ખુબ સુંદર આયોજન કર્યું હતું. તેમજ સમસ્ત ગુજરાતના રબારી ઘાંઘોળ ભાઈઓ તથા અન્ય સમાજના ધર્મપ્રેમી લોકોએ દર્શનનો લાભ લીધો હતો.





## ધાનેરામાં રમઝાન ઈદની ઉત્સાહભેર ઉજવણી

સમગ્ર ગુજરાત માં રમઝાન ઈદ ની ખુબજ ઉત્સાહ સાથે ઉજવણી થઈ રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માજે મુસ્લિમ બિરાદર ભાઈઓ ધ્વરા રમઝાન ઈદ ની નમાજ અદા કરી એક બીજા ને ઈદ મુબારક પાઠવી હતી. રમઝાન ઈદ એક ઈસ્લામ ધર્મનો સૌથી મોટો તહેવાર છે. જેની ઊજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે. રમઝાનમાં મહિનામાં જે રોઝા રાખે છે અને ઈસ્લામ ધર્મનું યોગ્ય પાલન કરે છે, તેમના માટે ઈદનો તહેવાર ખૂબ મહત્ત્વનો છે. ગુજરાત ચાંદ કમિટીનાં સભ્યો તરફથી ગુજરાતનાં બધા જ ભાઈ-બહેનોને મુબારકબાદી પાઠવવામાં આવે છે. આ દિવસે અમે દુઆ કરીએ છીએ કે બધાનું શુભ થાય અને ગુજરાતમાં કોમી એખલાસ રહે, ગુજરાતની ઉન્નતિ થાય.ત્યારે આજે ધાનેરા માં પણ મુસ્લિમ બિરાદર ભાઈઓ દ્વારા રમઝાન ઈદ ની નમાજ અદા કરી એક બીજાને ઈદ મુબારક પાઠવી હતી.